# શ્યામ સાધુની ગઝલમાં પુરાકલ્પન

વિજય નાડિયા
પીએચ.ડી. સ્ટુડન્ટ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

યુરોપીય સાહિત્યમાં પુરાકલ્પન વિષયક જે કામ થયું છે તેવું અને તેટલું કામ ગુજરાતી સાહિત્યમાં થયું નથી. ગુજરાતી વિવેચનમાં પુરાકલ્પન દેવકથા, પુરાવૃત્ત, પુરાણકથા, પૌરાણિક કથા, પ્રાચીન લોકકથા, આદીમ કથા, પુરાપ્રતીક વગેરે સંજ્ઞાઓની વિચારણા થઈ છે.

વીસમી સદીમાં અંગ્રેજી સાહિત્યને ડબલ્યુ બી.યેટ્સ એઝરા પાઉન્ડ, ટી.એસ.એલિયટ, ડબલ્યુ.એચ.ગાર્ડન, એલન જિન્સબર્ગ, જેમ્સ જોયસ, જેવા સર્જકો મળ્યા. જેમણે પુરાકથા કે પુરાકલ્પનનો કળાત્મક વિનિયોગ કરતી સમર્થ સર્જનાત્મક કૃતિઓ આપી. જેથી અંગ્રેજી ભાષામાં પુરાકલ્પન - **Myth** વિશે પુષ્કળ લેખન - સંશોધન થયું. યુરોપિયન સાહિત્યમાં પણ ગ્રીક સર્જકોથી માંડી છેક આધુનિક કાળના આલ્બેર કામૂ, સાર્ત્ર, કાફકા વગેરે સર્જકોએ પુરાકલ્પનના સ્વરૂપને સંવેદન-સંક્રમણ શિખરે પહોંચાડયું. તેથી યુરોપમાં આજે **Myth** ની ચર્ચા વધુ થાય છે. આપણો ગુજરાતી સર્જક પણ આ દિશામાં વિચારતો થયો છે. જેને કારણે વાર્તા અને કવિતામાં કેટલાંક પ્રયોગો જોવા મળ્યાં છે.

પુરાકલ્પન - **Myth** - વિશે વિચારીએ ત્યારે સર્જક તેની કૃતિમાં કઈ રીતે અને કેવી રીતે આલેખન કરે છે તે મહત્વનું છે. કૃતિમાં જયારે પુરાકલ્પનનું આલેખન થાય ત્યારે તે કૃતિનો જ એક મહત્વનો ભાગ બનીને પ્રકટ થવું જોઈએ. કવિએ કળાકૃતિની અખંડતામાં પુરાતત્વોનું ગાળીચાવી સંમાર્જન કરી અપૂર્વ આકાર નિર્મિત સાધવાની છે. પુરાકલ્પનને માત્ર વર્ણનાત્મક સંરચના તરીકે પ્રયોજવાનું નથી, પરંતુ કવિતામાં તેને ઓગાળીને પ્રકટ કરવાનું છે.

પુરાકલ્પન - **Myth** વિશે નીચેના મુદ્દાઓથી કેટલીક સ્પષ્ટતાઓ થાય છે.

૧. પુરાકલ્પન સમય સાથે બરૂ નથી.
૨. યુગોની સંવેદના પુરાકલ્પનમાં પ્રકટ કરી શકાય છે.
૩. નવ્યકલ્પન, પ્રતીક રૂપક અને રૂપકગ્રંથિ જેવાં સક્ષમ તત્વો દ્વારા પુરાકલ્પનને સર્જક કવિતામાં પ્રયોજીને કાવ્યગત સૌંદર્યને પ્રકટ કરે છે.
૪. પુરાકલ્પન - **Myth** તત્વ દ્વારા સર્જકના મનોગત વિશ્વનું ચિત્રણ કૃતિમાં આલેખાય છે. સર્જક તેની કૃતિમાં પુરાકલ્પન પ્રયોજે છે ત્યારે તે પોતાની જાત સાથે સંવાદ રચી પોતાની આંતરસંવેદનાઓએ પ્રકટ કરે છે.
૫. પુરાકલ્પન - **Myth** તત્વ દ્વારા સર્જક તેની કૃતિમાં ઐતિહાસિક મૂલ્યો, ભૌગોલિક મૂલ્યો, તત્વજ્ઞાન, વ્રત તહેવારો, રિવાજો વગેરે અનેક તત્વોનું સંયોજન કરી કૃતિને બળવત્તર શબ્દ આપે છે.
૬. માનસિક - ચૈતસિક અને ભાષાકીય મિશ્રણો પુરાકલ્પનની ઉત્પત્તિ અને વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે. ઉદા. પુરાણો, વેદો, મહાભારત, રામાયણ, ઉપનિષદો, બાઈબલ, કુરાન વગેરે.

૭. સંકેતો, કલ્પનો અને પ્રતીકોની જેમ સંવેદનને પ્રકટ કરવા માટે પુરાકલ્પનનો વિનિયોગ કવિતામાં કરવાથી તેનું મહત્વ વધી જાય છે.
૮. પુરાકલ્પન દ્વારા સર્જક અનુભૂતિને પ્રતીકાત્મરૂપે નવ્યસંદર્ભ કવિતામાં અવનવાં પરિણામો સિદ્ધ કરી શકે છે.
૯. આપણા સાહિત્યમાં રામ, લક્ષ્મણ, સીતા, કૈકેયી, દશરથી, દુર્યોધન, અર્જુન, ભીમ, યુધિષ્ઠીર, દ્રોણાચાર્ય, ભીષ્મ જેવાં પૌરાણિક કથાપાત્રોને પુરાકલ્પન, પુરાકથા કે પૌરાણિક કથા પાત્રો તરીકે આલેખવામાં આવે છે. તે રીતે ગ્રીસમાં એપોલોને આકાર (**Form**) નો દેવતા અને ડાયોનિસિસ ને વહન (**Flow**) ઉદેકનો દેવતા ગણ્યો છે. આ બે દેવતાઓ પુરાકલ્પનનાં પ્રતીક બની રહ્યા.
૧૦. ધાર્મિક ક્રિયાઓ, ક્રિયાકાંડો, શરીરશાસ્ત્ર, આર્થિક પ્રદાન પ્રક્રિયા પણ પુરાકથામાં વર્ગીકૃત થઈને પ્રકટ થઈ છે. જેમાં માણસની વૈચારિક શક્તિ-રીતભાતના સંયમને પ્રકટ થયેલું જોઈ શકાય છે.
૧૧. પુરાકલ્પનનું **structural root** સંરચનાત્મક એકરૂપતાનું પુનઃસર્જન કરે છે.
૧૨. રૂપક એ પુરાકથા અને ભાષા વચ્ચેની બુધ્ધિરમ્ય કહી છે. જેથી રૂપક દ્વારા પુરાકથાના મૂળ સુધી જઈ શકાય છે.

આટલા મુદ્દાઓથી પુરાકલ્પન **Myth** - ની સ્પષ્ટતા કરવા છતાં પણ પુરાકલ્પન શું ? એ વિભાવના સ્પષ્ટ થતી નથી. તેમજ પુરાકલ્પનની સંજ્ઞા સંકુલ છે. જેથી તેની વ્યાખ્યા સ્પષ્ટ થતી નથી. ગુજરાતી ગઝલમાં યુરોપીયન સાહિત્યથી પ્રેરાઈને **Myth** (મીથ) એટલે કે પુરાકલ્પનનો ઉપયોગ થવા લાગ્યો છે. ગુજરાતી ગઝલને પુરાકલ્પન દ્વારા અનેક કવિઓએ સમૃદ્ધ બનાવી છે. ગઝલમાં પ્રતીક, કલ્પન અને પુરાકલ્પનનો વિનિયોગ થયેલો જોવા મળે છે.

પુરાણકથાઓની ઘટનાઓને વર્તમાન પરિસ્થિતિનાં સંદર્ભમાં લાવીને ગઝલનાં શેર દ્વારા અનુસંધાન સાધવામાં આવે છે. જુની ઘટનાઓને કવિ પોતાની સૂઝ અને સમજ દ્વારા નવા અંદાજમાં રજુ કરે છે. પુરાકલ્પનમાં એવી ઘટનાઓ છે જે પૂર્વે ઘટી ગઈ છે. અને વર્તમાન સમયમાં પણ ઘટી રહી છે. તો આવી બંને ઘટનાઓ જોડી એક નવી વાતને ઉજાગર કરવાનું કામ કવિઓ કરે છે.

શ્યામ સાધુની ગઝલોમાંથી પસાર થતાં પુરાકલ્પનના વિનિયોગનું અચૂક દર્શન થાય છે. તો આવો જોઈએ...

*મુક્તિ મળે છે સાંભળ્યું ચરણોના સ્પર્શથી,*
*રસ્તે હું એ જ કારણે પથ્થર બની ગયો !*(પૃ. ૬૬)

ચરણ અને રસ્તા વચ્ચે અનેરો સંબંધ છે. ચરણ ચાલે છે, તો રસ્તાઓ જીવંત બની જાય છે. અને ચરણો વગરના રસ્તાઓ વેરાન અને સૂમસામ એકલવાયા બનીને કયાંક પડખું વાળીને સૂતા હોય છે. આ રસ્તાના પથ્થરો તેના પર પગરવના થાય તો સાવ શૂન્ય બની જાય છે. અને પગરવનો સ્પર્શ થાય તો શું બને, તેનું બાયન શ્યામ સાધુના ઉપરના શેરમાં બને છે. રામાયણ કાળમાં ઋષિના શ્રાપથી પથ્થર બની જાય છે. તેની આજીજી બાદ ઋષિ તેને શ્રાપ મુક્ત થવા માટેનો ઉપાય સૂચવે છે. ભગવાન રામચંદ્રના ચરણ સ્પર્શથી શલ્યામાંથી એકાએક સ્ત્રીનું રૂપ ધારણ કરી આહલ્યા બની જાય છે. અહીંયાં આતુરતા અને ભક્તિપરાયણતા ની કવિ શ્યામ સાધુ વાત કરે છે. ભગવાનના ચરણનો સ્પર્શ થવાથી પથ્થરમાંથી પણ સ્ત્રી બની પાપનો ઉધ્ધાર થતો હોય તો વર્તમાન સમયમાં પણ આજીવન ભગવાનના આગમનની આતુરતા દ્વારા જીવનમુક્તિનો આશય લઈ શકાય.

*યાદની ચિઠ્ઠી બળી ગઈ,*
*માછલી વીંટી ગળી ગઈ.* (પૃ.૧૦૫)

કવિ કાલિદાસ કૃત અભિજ્ઞાન શાંકુતલમનું અહીં પુરાણકથાનક આલેખવામાં આવ્યું છે. દુષ્યંત અને શાંકુતલાના પ્રણયની કથાનું આલેખન વિખ્યાત દૂર્વાસા મુનિના શ્રાપના કારણે દુષ્યંતની યાદમાં રહેલી શાંકુતલાને દુષ્યંત ભૂલી જશે એવું ઉચ્ચારણ થાય છે. શાંકુતલા રાજાને મળવા જતી વખતે શિવલિંગ પર પાણી ચઢાવવા જાય છે. અને વીંટી નીકળી જાય છે. અને માછલી ગળી જાય છે. અહીં આ કવિ શ્યામ સાધુ પ્રણયની આગવી અનુભૂતિનું આલેખન કરે છે. કોઈની યાદ આવતી જ નથી કારણ કે યાદ રૂપી જે ચિઠ્ઠી છે એટલે કે વીંટી છે, તે તો માછલી ગળી ગઈ છે. કવિ અહીં કેવી વકતાથી વાત કરે છે સામેનું પાત્ર પોતાને યાદ છે, પ્રણય પણ પ્રચુર માત્રામાં છે. પણ દોસ્ત સામેનું પાત્ર પોતાને ભૂલી ગયું છે, મને તો સઘળું યાદ છે, પણ તું ભૂલી ગઈ છે. તેનું શું ? 'મારું નામને ઠામ ભૂલી ગઈ છે, તેનું શું ?' આવી જ પુરાકલ્પના સાથે કવિ કંઈક અલગ વાત કરે છે.

*હા, હથેળીની અસરથી,*
*જળ મહીં ઊછળી ભળી ગઈ !* (પૃ.૧૦૫)

પ્રેમાનંદ કૃત નળાખ્યાનની ઘટનાને કવિ શ્યામ સાધુ વાસ્તવ દર્શન સાથે રજુ કરે છે. દમયંતીની હથેળીમાં રહેલી સંજીવની તેના જીવન માટે અભિશ્રાપ સાબિત થાય છે. ગરીબ અવસ્થામાં ખાવા માટે પકડેલી માછલીઓ સંજીવની સ્પર્શ થતાં જીવંત બની કૂદીને પાછી પાણીમાં ભળી જાય છે. બસ, જીવનમાં ઈચ્છાઓનું પણ આવું જ હોય છે.

*એ પછી વીંધાણી જળ પર,*
*તીર શી દૃષ્ટિ ભળી ગઈ!* (પૃષ્ઠ -૧૦૫)

દ્રૌપદીના સ્વયંવરની ઝાંખી કવિ શ્યામ સાધુ ઉપર્યુક્ત શેરમાં કરાવે છે. જળ, માછલી અને તીર ના ત્રિવેણી એકત્વ દ્વારા પ્રણયનું નિરૂપણ થયું છે. માછલી જળમાં છે અને તેની આંખોને અર્જુનના બાણ દ્વારા વિંધવાની છે. માછલી વિંધાતા વિંધાઈને પછી દ્રૌપદી અર્જુનને મળી બસ, એજ રીતે વર્તમાન સંદર્ભમાં પણ એકબીજાની આંખોનું નજરથી વિંધાવું ને પછી એકમેકમાં ભળી જવું કેવી અદ્ભૂત વાત કેવાય.

*કૌંચ માફક હુંય તે વિંધાઉ છું,*
*વેદના વચ્ચે ન વાડા રાખજે!* (પૃ. ૧૧૨)

રામાયણની વાલ્મીકીના સર્જનની વેદના કવિ શ્યામની સમાન વેદના બની જાય છે. કૌચ યુગલ ક્રિડા કરતું હતું ને પારધીના બાણથી એકનું વિંધાઈ જવું ને પછી બીજાનું તેની સાથે તરફડીને વિરહમાં મરી જવું. આવી ભાવ સંવેદનાને ઊંડી વેદના વર્તમાન સંદર્ભમાં પણ કવિ શ્યામ સાધુ અનુભવતાં હોય તેવું લાગે છે.

*કઈ અલૌકિક પળની વચ્ચે ગૌતમે,*
*સંગિની ત્યાગી હશે મધરાતના.*(પૃષ્ઠ. ૧૩૮)

રાત અને મધરાતના સમન્વયને કવિ શ્યામ સાધુ ત્યાગ દ્વારા રાતને કેવી વિહવળ બનાવે છે. ગૌતમના ત્યાગને નાનો સૂનો ના ગણી શકાય. વૈરાગ્યવૃત્તિથી પ્રેરાઈને પોતાની જીવન સંગિની ને ત્યાગવી અને ઈશ્વરમયી બની જવું બંને પલ્લાઓમાં સમતોલન રાખવું ખુબ કઠિન છે. કવિ મધરાત શબ્દ દ્વારા ગૌતમનાં ત્યાગને ઉત્તમ કક્ષાનું બનાવી મુકે છે.

*હુંય શબ્દનાં ચંદન ઘુંટું,*
*કઈ તરફ રઘુરાઈ ગયા રે.*(પૃષ્ઠ. ૧૬૨)

તુલસીદાસ અને ભગવાન રામચંદ્રના મિલનને કવિ શ્યામ ચંદનના તિલક દ્વારા તાદશ્ય કરે છે. કવિ શ્યામ પણ કવિ હોવાના નાતે શબ્દનો આરાધક છે. શબ્દરૂપી ચંદન કયારનાંય ઘુંટયા કરે છે. માત્ર હવે રઘુરાઈના આગમનની જ અપેક્ષા છે. કવિ શબ્દો દ્વારા આધ્યાત્મિક ભાવને ઝીલીને ઈશ્વર સમીપ જવાની ખેવના રજુ કરે છે.

*ગોપી, રાધા, મીરાં શું છે ?*
*વિધવિધ જયોતિ એક દીવાની.*(પૃ. ૧૬૬)

કૃષ્ણની રાસલીલા અને કૃષ્ણની પ્રેમલીલા વચ્ચેનું સાયુજ્ય અદ્ભુત છે. ગોપી દ્વારા રાસલીલા, રાધા દ્વારા પ્રેમલીલા અને મીરાં દ્વારા ભક્તિ લીલા આ ત્રિવેણી લીલાઓમાં આખરે તો કેન્દ્ર સ્થાને કૃષ્ણ અને માત્ર કૃષ્ણ જ રહેલા છે. ગોપી, રાધા કે મીરાં ત્રણે-ત્રણના ભાવ અને સંદર્ભો ભલે અલગ હોય પણ આખરે કૃષ્ણની દિવાની બનતી જતી હોય એવો જ આયામ રચાયો છે. આખરે તો કૃષ્ણમય બની જવાની ભાવના રહેલી છે.

*મન-માયામાં શું અટવાયો,*
*ચેત-ચેત ઓ જીવ મછંદર !* (પૃ. ૧૬૯)

ગોખરનાથ અને મછંદર દ્વારા કવિ વર્તમાન સંદર્ભના અને માયામાં લપેટાયેલા તમામ જીવોને ચેતવાનું કહે છે. મછંદર નાથ રાજાનું રૂપ ધારણ કરી મોહ અને માયામાં લપેટાયા છે. ત્યારે તેમનો શિષ્ય ગોરખનાથ આવી મછંદરને ચેતવીને મોહમાયામાંથી મુક્ત કરાવે છે. કવિ હાલ આવા જ કોઈ ગોરખનાથની રાહ જોઈ રહ્યા છે. આમ, શ્યામ સાધુ પ્રથમ નજરે ઊંડા અભ્યાસી અને વેદાંતના જ્ઞાતા હોય તેવું લાગે છે. કવિ શ્યામ સાધુનો વિશાળ વાંચન અનેક પૌરાણિક ગ્રંથો અને કથાઓનું રસપાન તેમના માત્ર એક શેરમાં સમાઈ જાય છે. મહાભારત, રામાયણ, નળાખ્યાન, કૃષ્ણલીલા તેમજ અનેક પૌરાણિક વાર્તાઓનું બયાન તેમના પ્રત્યેક શેરમાં જોવા મળે છે. ખુબ જ સહજ અને સરળતાથી માત્ર એક શેરમાં આખી ઘટનાને ઢાળીને આપણી નજર સમક્ષ આખો ગ્રંથ મૂકી આપે છે. પુરાકલ્પનનો આસ્વાદ ઉપયોગ કરી અને વાસ્તવદર્શી રચના કરવાનું કામ કવિ શ્યામ સાધુ કરે છે.

**સંદર્ભ**

૧. સંપા. સંજુવાળા ‘ઘર સામે સરોવર,
૨.વ્શાસ, રાજેશ મિસ્કિન ‘ગઝલ સંદર્ભ,
૩.મીર, રશીદ ‘ગુજરાતી ગઝલની સૌંદર્ય મિમાંશા’